અર્હદ્

# પ્રેરણા પત્ર



❖ વર્ષ : 32 ❖ અંક : 8❖ S.No. : 484

❖ તા.16-11-2025 ❖ નવેમ્બર

છૂટક નકલ : રૂા. 6/-




॥ ૐ નમો આયરિયાણં ॥

**શ્રી શત્રુંજય તીર્થધામ-ભુવનભાનુ માનસમંદિરમ્ તીર્થે**

સુવિશાલ ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય **રાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના શુભ હસ્તે વિશાળ પૂ.સાધુ-સાધ્વીજી સમુદાયની પાવન ઉપસ્થિતિમાં યુવાહૃદયસમ્રાટ્ પૂ.આ.વિ. **હેમરત્નસૂરીશ્વરજી** મહારાજાના દ્વિતીય શિષ્યરત્ન સેવાભાવી સરળ સ્વભાવી **પૂ.પંન્યાસશ્રી વિરાગરત્ન વિ.મ.**ની

**આચાર્યપદવીનો ઉત્સવ**

**સમય** : વિ.સં.૨૦૮૨, માગસર સુદ ૧૦,
તા.૩૦-૧૧-૨૦૨૫, રવિવાર

ગુરુભક્ત, એલર્ટ ગ્રુપ તથા માનસ પરિવારના સભ્યો સહિત સકલ સંઘને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.







માનસમંદિરે કાર્તિક પૂર્ણિમાની આરાધના

तं देवदेव महिअं सिरसा वंदे महावीरम्

॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-રાજેન્દ્ર-હેમરત્નસૂરીશ્વરેભ્યો નમઃ ॥

**યુવાનોના ઉત્કર્ષ કાજે યુવાનો વડે ચાલતું મેગેઝીન**

દિવ્યકૃપા : યુવાહૃદયસમ્રાટ્ સ્વ.પૂજ્ય આચાર્ય શ્રી હેમરત્નસૂરીશ્વરજી મહારાજા

લેખક : પ.પૂ.પંન્યાસ શ્રી હૃદયરત્ન વિ.મ.



# અર્હદ્ પ્રેરણા પત્ર

વર્ષ : 32 ❖ અંક : 8
S.No. : 484 ❖ વિ.સં.2082
તા.16-11-2025 ❖ નવેમ્બર

: માલિક :
**અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ**
૧૭, ઈલોરા પાર્ક, જૈન દહેરાસરની સામે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ-૧૩.
ફોન : 079-2768 1317

430, પંચરત્ન બીલ્ડીંગ, ૨જે માળે,
એમ.પી.માર્ગ, ઑપેરા હાઉસ, મુંબઈ - 4.
ફોન : 022-23631564, 23808621
(M) 93225 14188 (Time : 12 to 5)
manasmandirtrust@gmail.com
www.shreejainalertgroup.org

તંત્રી–મુદ્રક–પ્રકાશક
**કલ્પેશભાઈ વિ. શાહ**
અમદાવાદ

ટાઈપ સેટીંગ
**સમ્યક્ ડીઝાઈન એન્ડ પ્રિન્ટ**
અમદાવાદ

મુદ્રક
સર્વોદય ઓફસેટ
અમદાવાદ
મો. : 98245 15514

આજીવન લવાજમ : રૂા. ૫૦૦/–
છૂટક નકલ : રૂા. ૬/–

## પ્રાર્થના

હે નિરંજન અવિનાશી પરમાત્મા ! રાગી રાગી સાથે પ્રેમ કરે ! એ દુનિયાની દાસ્તાન છે. ધનિક ધનિક સાથે દોસ્તી કરે તે ય આ જગતની રીતિ છે.

પ્રભુ ! તારી પાસે નથી રાગ કે નથી ધનસંપત્તિ ! તો ય તારા ભક્તો રાત–દિવસ તારી જ ભક્તિ કેમ કર્યા કરે છે ?

હે કૃપાળુ ક્ષમા કરજે ! આજ સુધી તારા ભક્તોને હું મૂરખ માનતો હતો પણ ખરેખર તો હું જ મહામૂરખ છું ! હવે સમજ આવી છે, કે નાથ ! તું તો વીતરાગી છે. તારી પાસે તો આત્મસંપત્તિ છે. અધ્યાત્મનું મહામૂલું ધન છે. અનંત જ્ઞાનાદિ અને અવ્યાબાધ સુખનો તું તો ભોક્તા છે. જે તને ભજે તેને તે મળે !

હે કીરતાર ! હમણાં સુધી મારક ચીજો માટે જ મથતો રહ્યો, હવે તારક ચીજો મારે જોઈએ છે અને તે વિશ્વમાં તારા સિવાય કોઈનીય પાસે નથી !

હે દયાળુ ! તારી પાસે માત્ર હું વિરાગની મસ્તી માંગુ છું. વૈરાગ્ય લતાનો સ્પર્શ માંગુ છું. મને વિશ્વાસ છે, કે પ્રભુ તારી સહજ ગુણ સ્પર્શનાથી મારું આત્મવીર્ય પુદ્ગલાનુયાયી મટી આત્મગુણાનુયાયી બનશે, મારી શક્તિઓ મારક બની તારક બનશે અને એક દિ હે નાથ ! આપણે બેઉ તુલ્ય બનશું !

હે પ્રભુ ! તું મને વૈરાગ્ય આપ જેથી મારું જીવન સફળ બને.

## સંવેદના

જગત આખું અનાદિ કાળથી સુખની પાછળ પડ્યું છે. પણ હજુ કોઈને સુખ પરમેનેન્ટ મળ્યું નથી. સુખ મળી પણ જાય તોય, તેના ત્રણ કલંક છે તે જાણી લો. ૧લું છે, તે સુખના બૅક ગ્રાઉન્ડમાં દુઃખ હોવાનું જ ! સુખના સિક્કાની બીજી બાજુ દુઃખનો કાંટો હોય જ છે. તે દુઃખની ભૂમિકા વિનાનું હોતું નથી.

ખાવાનો આનંદ ભૂખના દુઃખ પછી આવે. સંપત્તિનો આનંદ તે દુઃખથી મેળવેલી હોય તો આવે. ટૂંકમાં બૅકગ્રાઉન્ડમાં જેટલું દુઃખ વધારે તેટલી સુખની અનુભૂતિ વધારે !

૨જુ કલંક છે, સુખ પરાધીન છે. ૨૫ કરોડનો માલિક ભયગ્રસ્ત રહેતો હોય તો સુખ ક્યાં રહ્યું ? જે સુખ થકવી દે, કંટાળો લાવે, ઉદ્વિગ્નતા લાવે અને ભય લાવે તે સુખ સુખ કેવી રીતે કહેવાય ?

૩જુ કલંક છે, તે શાશ્વત નથી પણ ક્ષણ ભંગુર છે ! ગમે ત્યારે ચાલ્યું જાય તેવું છે.

આશ્ચર્ય તો એ છે, કે જેણે આવા સુખો છોડી દીધા છે તેને તમે વંદન કરો છો, પ્રાર્થના કરો છો ! આદર અને બહુમાન કરો છો !

કહેવું એ છે, કે તમે મોક્ષના સુખની ઈચ્છા કરો, તે સ્વચ્છ છે, શાશ્વત છે અને સ્વાધીન છે ! તે આ જનમમાં જ શક્ય છે.



**હેમસૂત્ર** **નિમિત્તોના અભાવથી થતી શાંતિ તે વાસ્તવિક નથી પરંતુ હૃદયની નિર્મળતાથી થાય તે તાત્ત્વિક છે. અનુત્તર દેવો જુઓ.**

મન્નહ(ઈ) જિણાણં સજ્ઝાય પર આધારિત...

# મારું જીવન અંજલિ થાજો

## ઉપશમ - વિવેક - સંવર - ૮

26 27 28

## વિવેક :

**ભક્તિ-સેવામાં વિવેક :**

● ગ્લાન-બીમારની સેવામાં હોય તો તેણે બીમારને શું ખવડાવવું અને શું નહીં તેનો વિવેક સેવા કરનાર પાસે હોવો જોઈએ.

બીમારને ખાવાની ઈચ્છા થાય તે બધું ન અપાય. તેના સ્વાસ્થ્યને હિતકારી જ અપાય. તેની ઈચ્છા ન હોય તો પણ સમજાવીને પણ પથ્ય અપાય. અપથ્ય માંગે તો કંઈ પણ બહાનું કાઢી ટાળે પણ આપે નહીં તે સેવા કરનારનો વિવેક કહેવાય.

સેવ્યની સેવા કરાય તે ઔચિત્ય છે અને તેમાં વિવેક એ છે, કે તે સેવા કેટલી ને કેવી કરવી ? કેટલો સમય કરવી તે છે. સેવ્યને બીમાર જ રાખવાનો નથી તેને જલદી ઊભો કરી દોડતો કરવાનો છે.

મા પણ દીકરાને ખોળામાં ક્યાં સુધી બેસાડે ? ૧૮ વરસનો પણ માના ખોળામાં બેસવાની જીદ કરે તો ચાલે ? અને મા બેસાડે તો ચાલે ? આ વિવેક નથી. તેને પ્રેમ આપે પણ વિવેક રાખે. તમે વિવેકી બનો.

**ભોગ-વિલાસમાં વિવેક :**

પશુઓને ભોગનું નિયંત્રણ નથી. તેને એવો બોધ પણ નથી. ભોગરાગ મનુષ્યને પણ હોય છે. ફરક એટલો છે, માણસ શિષ્ટ અને સામાજિક વ્યક્તિ છે. એટલે તેના ભોગમાં નિયંત્રણ હોવું જ જોઈએ અને છે જ. એમ છતાં પણ કઈ ઉંમરે કેવા ભોગ વિલાસ શોભે ? તે સમજ, **વિવેક** છે.

સરકાર પણ ૫૮ કે ૬૦ વર્ષે તમને નોકરીથી છૂટા કરે છે. પછી તમને તમારું આત્મકલ્યાણ કરવાનો ચાન્સ આપે છે. ઉપરથી પેન્શન આપે છે.

એમ અમુક ઉંમર પછી ભોગ-વિલાસ, લાલસા, લંપટતા વગેરે ડાકણોની નોકરીથી સ્વયં છૂટા થઈ આત્મકલ્યાણનો માર્ગ પકડવો તે વિવેક છે.

છોકરા મોટા થઈ જાય, દીકરીઓ ઘરે વળાવી દીધી, દુકાન દીકરા સારી રીતે સંભાળે છે તો હવે તમારે શું કરવાનું ? જો તમે કહો કે, આત્મકલ્યાણ, આત્મહિતની પ્રવૃત્તિ, પરોપકાર કરવાનો ! તો આ વિવેક છે. પણ છેલ્લા શ્વાસ સુધી સંસારની જ નોકરી કરવી ભોગલાલસા રાણીની જ સેવા કરતાં હોય તો તે વિવેક નથી. પરલોકમાં ડૂચા નીકળી જાય તેવા કર્મો તમારા ભૂંડા હાલ કરશે.

વિવેક તમને સંવર કરાવે છે. આત્મશુદ્ધિના માર્ગે લઈ જાય છે. માટે બહુ દોડ્યા, બહુ નાટક કર્યા હવે ક્યારે અટકશો ? ક્યારે બે ઘડી શાંતિથી બેસી વિચારશો, કે આખી દુનિયાનું ઘણું કર્યું, સમાજ સેવાને માનવ સેવા ઘણી કરી હવે મારા આત્માનું ક્યારે કરીશ ? વિવેકીને આવો વિચાર આવે.

જુવાનીમાં પણ ભોગમાં વિવેક હોય, કારણ ભોગદૃષ્ટિ તે વિકાર છે, વિભાવદશા છે, આત્મભાવ નથી, પાપ છે, પુણ્યકાર્ય નથી. જૈન સમાજમાંથી અનેક મુમુક્ષુઓ કલૈઈયાકુંવર જેવા કાચી ઉંમરે સંસારત્યાગ કરી શ્રમણ બને છે. ભોગદૃષ્ટિને ત્યાગી યોગદૃષ્ટિનો માર્ગ પકડે છે. આ વિવેક અને જીવનનો સાચો યુઝ છે. માનવભવનો સાચો ઉપયોગ છે.

પૂર્વની કથાઓમાં પણ આવી જ વાતો મળશે. રાજા કુમારને તૈયાર કરી રાજ્ય સોંપી સંસારનો ત્યાગ કરી આત્મકલ્યાણ માટે નીકળી જતાં. તે બધા **વિવેકી** કહેવાયા.

જે ન નીકળી શક્યા તેઓએ પણ જીવનમાં ૧૨ વ્રત લઈ ભોગને સીમિત કર્યો તે **વિવેક** કર્યો.

જૈન માત્ર **વિવેકી** હોય કારણ તે સમકિતી છે. તેને મિથ્યાત્વી જેવું આચરણ ન હોય. સંસારમાં રહીને પણ સંસારભાવથી લેપાય નહીં તે **વિવેકી** છે.



લગ્ન કરે, પરિવારનું પોષણ કરે, ધંધો કરે, સાથે તેમાં વિવેક રાખી આત્મકલ્યાણ માટે પ્રભુએ બતાવેલા શ્રાવકાચાર પણ પાળે, ધર્મ - ધર્મ ક્રિયાઓ કરે. પોતાના કર્તવ્યોનું બરાબર પાલન કરે, ઔચિત્યો સાચવે તેવો **વિવેકી** શ્રાવક પણ પ્રાયઃ સદ્ગતિનો ભાગી બને.

જૈનોની રહન-સહન, પહેરવેશ, આહાર, વ્યવહાર, વેપાર બધું વિવેક પૂર્વકનું જ હોય. વૈભવ અનુસારે હોય પરંપરા અને મર્યાદાપૂર્વકનું હોય બેફામ ન જીવે, સમાજ કે સંઘમાં પણ તેની કોઈ નિંદા ન કરે. આવું વ્યક્તિત્વ આદર્શ બને છે. **તમે વિવેકી બનો.**

સંપત્તિ તો દાઉદ પાસે પણ હતી એવી સંપત્તિની કોડીની ય કિંમત નથી માટે એવી સંપત્તિની ઈચ્છાય ન કરવી. સજ્જનોને છાજે તેવી સંપત્તિને જ ઈચ્છવી તે **વિવેક.**

સુખ તો પાપીઓ પણ ભોગવે છે. તેમણે વ્યસન, વિલાસ અને વ્યભિચાર, આ પણ સુખ જ લાગે છે માટે તો પાપી જીવો તેમાં જ મસ્ત રહે છે.

સુખ તો ધર્મી જીવોનું જોઈએ. પુણીયો શ્રાવક પણ સુખી હતો. આવા સુખની ઈચ્છા કરવી તે **વિવેક** છે.

ખોટી સંપત્તિ, તકલાદી સુખ અને ખોટા સંબંધોની પણ ઈચ્છાઓ ન કરવી તે વિવેકી વિચારણા છે.

હીરોઈનો જેવાં રૂપ તે સૌંદર્ય નથી, શીલથી શોભતો દેહ તે સૌંદર્ય છે. આંતરજ્ઞાતીય લગ્નોએ જૈન ઉચ્ચકુળ અને જાતિને ખતમ કરવા માંડી છે. ભલભલા ખાનદાન કુળની કન્યાઓ કુલવટને ઐસી-તૈસી કરી જૈનત્વનો ત્યાગ કરી નીચ કુલોમાં સેટ થઈ રહી છે. અફસોસ તો તે છે, કે તેમને એ વાતનો અફસોસ પણ નથી!

મોહનો નશો એટલો વ્યાપ્યો છે, કે કોને શિખામણ આપવી?

મા-બાપો ચૂપ છે. સમાજ તો રહ્યો જ નથી, બધા ચૂપ છે!



વિવેકનો વિષય મનનીય છે. યાદ કરાવું છું, કે હૃદયમાં ઉપશમ પડ્યો હશે તો વિવેક સમય થયે પ્રગટશે તો આત્મશુદ્ધિ થતાં જીવનની પ્યોરિટી વધશે. અંતે બધું સારું થશે.

**કર્મ ઉદયમાં પણ વિવેકની ભૂમિકા :**

તમામ પ્રવૃત્તિમાં વિવેક જોઈશે. તો પ્રવૃત્તિ સારી, યથાર્થ અને પ્રશંસનીય બનશે.

કર્મના ઉદય વખતે પણ આત્મામાં જો વિવેક જાગતો હોય તો શું કાર્ય કરે તે જોઈએ. જો કે, આ વિષય સામાન્ય માણસ માટે તો અઘરો છે. તેમ છતાં સમજવો બહુ જરૂરી છે.

જ્યારે જીવનમાં મિથ્યાત્વમોહનીય નામનું કર્મ ઉદયમાં હોય છે, કે ઉદયમાં આવે તે દરમિયાન જીવ જે પણ પ્રવૃત્તિ કરે છે તેમાં કર્મની પ્રધાનતા હોય છે. કાયાથી ક્રિયા કરે, વચનથી બોલે અથવા મનથી વિચારે તેમાં પાપપ્રવૃત્તિ જ થવાની હોય છે.

પરંતુ કર્મોની તાકાત તે વખતના સંયોગો ઉપર આધાર રાખે છે. એટલે કે, કર્મો પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રીને ઉદયમાં આવે છે.

એટલે વાત એમ થઈ કે, કર્મોની તાકાત તેને સામગ્રી કેવી મળી ? (દ્રવ્ય-કાળ-ક્ષેત્ર-ભાવ) તેના ઉપર છે. પરંતુ તે વખતે (કર્મના ઉદય સમયે) આત્મામાં જો વિવેક જાગૃત હોય તો કર્મોની બાજી નિષ્ફળ પણ જઈ શકે છે. જો કે, આ વિવેકની પણ તાકાત તે વખતે આત્મા પોતે કયો અભિગમ લે છે. તેના ઉપર છે. તે જોઈએ -

દા.ત. કોઈ અપમાન કરે કે ગાળ બોલે ત્યારે તે શબ્દો કાનમાં જતાં આત્મામાં પડેલા ક્રોધ મોહનીયના દલિકો ઉદયમાં આવે છે. તેથી અંદર ક્રોધનું વાતાવરણ સર્જાય છે. આ ઘટના

અનુસંધાન પાના નં.૯ ઉપરથી

અલ્પકાળમાં જ બને છે. સાંભળતાં જ તરત ગુસ્સો આવવા લાગે છે.

પરંતુ ગુસ્સો શરૂ થાય તે પહેલાં જો આત્મામાં રહેલા વિવેક ગુણની ધારા જો ચાલુ થાય તો તે વિવેકની જ્ઞાનધારા ક્રોધ મોહનીયના દલિકોમાં ઘૂસે છે, પ્રવેશ કરે છે. તેનાથી ઉદયમાં આવેલા કર્મોની શક્તિ હણાઈ જાય છે. ટૂંકમાં કર્મધારા અને વિવેક ધારા વચ્ચે ટક્કર થાય છે. આ વિવેક ઉદયમાં આવેલા ક્રોધ કરાવનાર કર્મોને નિષ્ફળ બનાવે છે.

તે વખતે જીવ જ્ઞાનધારાના (વિવેકના) પ્રભાવે મોહનીયકર્મના ઉદયને ન વેદતાં (અનુભવતાં) મોહનીય કર્મના ક્ષયોપશમને અનુસરે છે. અર્થાત્ મોહનીયના કર્મોનો કેટલોક નાશ કરે છે અને કેટલાકને શાંત કરી દે છે. એટલે કે ઉપશમ કરી દે છે. તે વખતે જીવ ક્ષમાનું આલંબન લે છે અને ક્રોધના ઉદયને નિષ્ફળ કરે છે. એટલે, કર્મના ઉદય વખતે જીવે ગુસ્સે થવાના બદલે વિવેક દ્વારા ક્ષમા ગુણને પકડી ક્રોધના દોષને કાઢી મૂક્યો. આને વિવેક કર્યો કહેવાય. કર્મ હતું તે નીકળી ગયું અને નવું ન બંધાય તે મોટો લાભ થયો. જો આ વિવેક ન કરે અને સામે ગુસ્સો કરે તો બીજા નવા કર્મો આત્મા ઉપર બંધાય, સાથે સાથે ઝઘડો મારા મારી કે, યાવત્ ખૂના મરકી પણ જે થાય એ નુકસાન તો પાર વગરનું છે જ. આ બધા ઍક્સિડન્ટથી જીવ બચી ગયો.

આ ઘટનાથી દોષો ઘટવાનું થાય, નબળા પડે અને ગુણો વધે અને તગડા થાય તે મોટો લાભ થાય.

આમ વિવેક જીવમાં કેટલો બધો જરૂરી છે તે તમને સમજાવ્યું. આ વિવેક મિથ્યાત્વ આત્મામાંથી જેમ-જેમ જાય તેમ- તેમ વિવેકનો પ્રવેશ થાય છે. તે પહેલાં ઉપશમનો પ્રવેશ થાય છે. જો વિવેક છે, તો સમજી રાખવું કે તેવો ઉપશમ પણ જીવમાં છે. વિવેકથી જ્ઞાનધારા બળવાન બને અને અવિવેકથી કર્મધારા. માટે જીવમાં વિવેક લાવવા પ્રયત્નશીલ બનવું. (વાચનામાંથી)

વિવેક કેમ આવે ? તો શુદ્ધભાવથી કરેલ ધર્મથી વિવેક આવે. પુણ્યાનુબંધી પુણ્યથી વિવેક અને સદ્બુદ્ધિ મળે. તેમાં પ્રયત્ન કરવો.

હૈયાનો ભાવ ન ભળે તે ક્રિયા દ્રવ્યક્રિયા કહેવાય છે. કર્મનિર્જરા ભાવથી છે. દ્રવ્યક્રિયાથી પુણ્ય બંધ થાય છે.

૪૭. વળી દ્રવ્યક્રિયા પણ બે પ્રકારની કહી પ્રધાન અને અપ્રધાન. જે ક્રિયા પરંપરાએ એટલે આગળ જતાં પછી પણ ભાવ ઉત્પન્ન કરી શકે તેવા પાવરવાળી કે સામર્થ્યવાળી હોય તો તે પ્રધાનદ્રવ્ય ક્રિયા છે. અપ્રધાન દ્રવ્યક્રિયાની બહુ કિંમત આંકી નથી.

૪૮. સામાયિક આદિ ક્રિયાઓને અનુષ્ઠાન પણ કહેવાય છે. આમઅનુષ્ઠાન પણ બે પ્રકારના છે. પુષ્ટીરૂપ અને શુદ્ધિરૂપ.

૪૯. મોટાભાગે આરાધના તે પુષ્ટીરૂપ છે. જેનાથી મોટાભાગે પુણ્યનો બંધ પડે. જો તેમાં ભાવ જોડાય ત સાથે શુદ્ધિ પણ થાય.

૫૦. પરમાત્માની પૂજા-અંગપૂજા-અગ્રપૂજા તે બધી દ્રવ્યપૂજાઓ છે. તેનાથી પુણ્ય બંધાય. સાથે પ્રભુપ્રત્યેનો અહોભાવ, આદર, વિવેક વગેરે ભાવો જોડાય તો આત્મશુદ્ધિ પણ કરે છે.

૫૧. ચૈત્યવંદન-સ્તુતિ-સ્તવના-ધ્યાન વગેરે ભાવપૂજા રૂપ છે. તેનાથી પ્રચંડ કર્મનિર્જરા તો થાય સાથે પુણ્યબંધ પણ તેટલો જ થાય. પણ ઉપયોગ પૂર્વક - વિધિપૂર્વક, અહોભાવ અને આદરપૂર્વક થાય તો.

૫૨. સામાયિક તે ચારિત્ર છે. તેની આરાધનાથી જીવમાં 'સમતા' નામનો ગુણ આવે. એટલે સામાયિક કરનારે જીવમાં સમતા લાવવાનું ધ્યેય રાખળું તે માટે ચાલુ જીવનમાં પણ સમતાપૂર્વકના કાર્યો કરવા. ગુસ્સો, કલેશ, કંકાસ આદિ વિષય-કષાયોનું નિયંત્રણ કરવું જોઈએ.

૫૩. જૈન તે છે. જે જિનપૂજા કરે, રાત્રિભોજનનો ત્યાગી હોય, અભક્ષ્ય, અપેય કંદમૂળ આદિનો ત્યાગી હોય, સાધુ સત્સંગી હોય, કલ્યાણમિત્રો રાખનાર હોય, માતા-પિતાનો ભક્ત હોય. હિંસક વ્યાપાર ન કરે. જુઠ્ઠ, ચોરી આદિ બદમાસીના ધંધા ન કરે. ચામડા જેવા હલકા ધંધા ન કરે. સદાચારી, સંઘને બહુમાન આપનાર, ગુણિયલ હોય.

આ બધો રત્નત્રયીરૂપી વારસો આવતી પેઢીને આપશું તો જિનશાસનની સેવા કરી ગણાશે.

# સમકિતીનું એક કાર્ય

## સંતાનોને શુદ્ધ વારસો આપવો

દરેક જૈને પોતાના સંતાનોને જૈનધર્મનો શુદ્ધ વારસો કોઈપણ રીતે આપવો જોઈએ.

બાળક સમજણું થાય ત્યારથી...

- જૈન ધર્મનો પરિચય, પોતાની કુળપરંપરાનો પરિચય, પોતાના કુલાચાર તથા કુળની મર્યાદાઓનો પરિચય આપતા રહેવું જોઈએ.
- વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનો પરિચય તેમની પૂજા પદ્ધતિ, તેમની આરાધના પદ્ધતિ અને આશાતનાના સ્થાનોનો પરિચય.
- પંચમહાવ્રતધારી સુધર્માસ્વામીની શુદ્ધ પરંપરામાં આવેલા પોતાના ધર્મગુરુનો પરિચય સાથે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતોનો પરિચય.
- ગુરુનું માહાત્મ્ય, પૂજા પદ્ધતિ, સુપાત્રદાન પદ્ધતિ તેના લાભ અને ગુરુના મહિમાનું વર્ણન કરવું. પ્રત્યક્ષ કરાવવા.
- પોતાને મહાભાગ્યયોગે પ્રાપ્ત થયેલો લોકોત્તર એવો જૈનધર્મ તેની મહાનતા, વૈજ્ઞાનિક્તા, પ્રેક્ટિકલ ઉપયોગીતા, અન્ય ધર્મો કરતાં શ્રેષ્ઠ હોવાના હેતુઓ તેની ભૂમિકા અને સમજ મુજબ બતાવતા જવું જોઈએ.



ત્યારબાદ તે જિનધર્મના અંગોનું જ્ઞાન...

| | | |
|---|---|---|
| જિનાલય | પાઠશાળા | જૈન તીર્થધામો |
| ઉપાશ્રય | ભોજનશાળા | જૈન આગમશાસ્ત્રો |
| આયંબિલ ભવન | જ્ઞાનભંડાર | જૈન આચારો |

ત્યારબાદ... તેનું સ્વરૂપ અને જીવનમાં ઉપયોગીતા તેની સમજ મુજબ સમજાવવી. તે અન્ય ધર્મથી કેમવિશેષ છે ? તેની સમજ.

- જૈન રાજાઓ તથા મહાસતીઓની સ્ટોરી તેના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપશે.
- ત્યારબાદ જૈનની આહાર પદ્ધતિ ભક્ષ્ય-અભક્ષ્યનો વિભાગ તેના લાભાલાભ દૃષ્ટાંતપૂર્વક આપવાથી સંવેદના ઊભી થશે.
- જૈનોના સાત ક્ષેત્રોનો પરિચય બાકીના ૨ શ્રાવક અને શ્રાવિકાની ડિગ્રી ક્યારે મળે ? તેનાથી શું લાભ થાય વગેરે.
- પાપ અને પુણ્યનો પરિચય તેના લાભાલાભ દૃષ્ટાંતપૂર્વક આપવા.
- પાપ અને પુણ્યનું સ્વરૂપ અને કાર્ય શું ? પુણ્ય મેળવવાના ઉપાયો અને પાપ કાઢવાના ઉપાયો દૃષ્ટાંત સહિત.

બાળક ૧૬ વર્ષનો અને બાળિકા ૧૪ વર્ષની થાય તે પહેલાં જ આટલી પણ જો આપણા બાળકોને સમજણ આપી દેવાય તો તમે સાચા માતા-પિતા બનશો. નહીંતર જૈનધર્મનો આપણા જ હાથે, આપણી જ ઉપેક્ષાથી નાશ થશે. વહેલો નાશ થશે તેના પાપના ભાગીદાર આપણે ખુદ થઈશું.

વળી જૈન જેવા યોગીકુળમાં આવેલો બાળક ભોગરસિક બની જૈન ધર્મથી તો ભટકી જશે સાથે સાથે સાચા માર્ગથી ઉતરી જઈ આવો જનમફરિવાર મળવો તેના માટે અત્યંત દુષ્કર બની જશે.

હવે આવશે આપણો આધ્યાત્મિક વારસો.

આ વાતો માત્ર ધાર્મિક કે તાત્ત્વિક જ નથી સાથે સાથે સમાધિમય, શાન્તિમય અને સ્થિરતામય જીવન જીવવા ખૂબ જ પ્રેક્ટિકલ છે. તેને શ્રદ્ધાપૂર્વક વારંવાર વાંચી આપણા માંઈડની હાર્ડડિસ્કમાં સ્ટોર કરવા જેવી છે. આ

તથ્યોતમને કટોકટીના સમયે, મૂંઝવણના સમયે અથવા સુખના અત્યંત ઓડકાર આવતા હશે ત્યારે ખૂબ સમાધાન અને ઉકેલ આપશે. તમે દુઃખમાં ન દીન બનશો કે સુખમાં ક્યારેય હવામાં ઉડવાનું મન નહિ થાય. પગ તમારા હંમેશાં ધરતી ઉપર રહેશે. પ્રભુએ કહેલા આ બધા તથ્યો છે. દુઃખમાં ઓસડ સ્વરૂપ છે અને સુખમાં પાચકના ચૂર્ણ સમાન છે.

૧. શરીરમાં આત્મા વ્યાપીને રહેલો છે, તેને ચેતના, ચૈતન્ય કે જીવ પણ કહેવાય છે. તે અનાદિકાળથી (નો બિગનીંગ) કર્મ સાથે એકમેક થઈનને સંસારમાં ભમ્યા કરે છે.

૨. 'આત્મા' છે એવું માનતાં 'પરલોક' પણ છે તે માનવું જ પડે.

૩. 'આત્મા' મૂળથી એટલે કે સ્વાભાવથી શુદ્ધ સ્વરૂપી છે. અનંતજ્ઞાન વગેરે તેના ગુણો છે અને વિવિધ જન્મ(૮૪ લાખ યોનીમાં ભ્રમણ) તેના પર્યાયો છે.

૪. વિશ્વનો અફર નિયમછે કે, જીવ ક્યારેય જડ બની જતો નથી અને જડ ચીજો ક્યારેય ચેતન સ્વરૂપને પામતી નથી. ભલે આત્મા સાથે અનંત કાળથી રહે !

૫. અનાદિ કર્મ સંબંધવાળો આત્મા જો 'ભવિ' હશે તો એક દિવસ કર્મથી મુક્ત બની શુદ્ધ સ્વરૂપને પામશે. 'અભવિ' ક્યારેય નહીં પામે.

૬. કર્મોથી આત્માની મુક્તિ ધર્મ પુરુષાર્થથી શક્ય બને છે. સાથે બીજા ચાર કારણો પણ જોડાય છે.

૭. વિશ્વમાં કોઈપણ કાર્ય થવા પાછળ મુખ્ય પાંચ કારણો જાણવા - ૧. કાળ ૨. સ્વભાવ ૩. નિયતિ ૪. કર્મ ૫. પુરુષાર્થ. આ પાંચેય કારણો મળવાથી કાર્ય થાય છે. હા ક્યારેક કાર્યમાં એક-બે કારણોની પ્રધાનતા દેખાય તેટલા માત્રથી તે જ કારણ છે. તેવું માનવું નહીં. બીજા ચાર કે ત્રણ સાયલન્ટ હોય છે.

૮. ધર્મ પુરુષાર્થ, અર્થપુરુષાર્થ, કામપુરુષાર્થ અને મોક્ષપુરુષાર્થ. આમભગવાન મહાવીરદેવે ચાર પુરુષાર્થની વાત કરી છે.

૯. સંસારમાં રહેલા તમામજીવોમાં અર્થ અને કામપુરુષાર્થ મુખ્યપણે દેખાતા હોય છે. ધર્મ ગૌણપણે દેખાય છે.

૧૦. સંસારમાંથી (દુઃખોમાંથી) મુક્ત થવાની ઈચ્છાવાળા જીવો જ સંસારમાં રહેતાં ધર્મપુરુષાર્થને પ્રધાન કરી અર્થ અને કામને વિવેકપૂર્વક સેવે છે.

૧૧. સંસારત્યાગી એવા સાધુ ભગવંતો-સાધ્વીજી ભ.ના જીવનમાં પ્રધાનપણે મોક્ષપુરુષાર્થ હોય છે. તેમને અર્થ અને કામનો સર્વથા ત્યાગ કરેલો હોય છે.

૧૨. આર્યસંસ્કૃતિ મોક્ષના લક્ષ્યવાળી છે. ધર્મના પાયા ઉપર ઊભી થયેલી છે. વર્તમાનમાં તેના પાયા હચમચી જવા લાગ્યા છે.

૧૩. જૈન સાસનમાં આરાધના, સાધના, ઉપાસના કે તમામક્રિયા કલાપ માત્રને માત્ર મોક્ષના ધ્યેયપૂર્વકનો કહ્યો છે.

૧૪. આત્મા જ ખુદ પરમાત્મા સ્વરૂપ બને છે. 'પરમાત્મા' એ આત્માનું શુદ્ધસ્વરૂપ છે. તે સ્વરૂપ ખુદ આત્મા ધર્મપુરુષાર્થ દ્વારા પ્રગટ કરે છે. જેમાં બીજા કારણો તો માત્ર નિમિત્તરૂપ છે.

૧૫. આત્મા ઉપર બંધાયેલા કે બંધાતા કર્મો સાત અને આયુષ્ય મળી કુલ આઠ પ્રકારના છે.

૧૬. તેમાં મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડ ૧ ક્રોડ સીત્તેર કોટા કોટી સાગરોપમની કહી છે. તેમસાતેયની સ્થિતિ જુદી જુદી સમયની છે.

૧૭. આ સાતેય કર્મો ઘટતાં ઘટતાં જ્યારે ૧ ક્રોડ ૧ ક્રોડ ૧ કોટા કોટિ કરતાં પણ ઓછી થાય એટલે કે અંતઃ કોટાકોટિ સાગરોપમની થાય છે. ત્યારે ગ્રંથીભેદ થતાં માણસને સાચી દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. જેને સમકિત થયું કહેવાય છે.

૧૮. ત્યારબાદ જ પ્રભુના વચનો ઉપર સાચી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. ત્યારે આ તથ્યો, તત્ત્વો કે પ્રભુની વાતો ઉપર જીવને વિશ્વાસ બેસે છે. તે પહેલાં પાક્કો વિશ્વાસ નથી હોતો. શંકા-કુશંકાવાળો વિશ્વાસ હોય છે.

૧૯. હવે જે વાતો આવે છે તે જો તમને ન સમજાય કે વિશ્વાસ ન બેસે તો સમજવું તમારી દૃષ્ટિમાં (સમજમાં) ખામી છે. પ્રભુની વાતમાં ક્યારેય ખામી ન હોય.

૨૦. આ સંસાર દુઃખમય છે, તેના ભોગવટામાં ફળ સ્વરૂપ દુઃખ જ પ્રાપ્ત થાય છે અને આખરે દુઃખોના જ અનુબંધ પડે છે. એટલે કે તે દુઃખો હાયવોય કરીને ભોગવતાં પણ બીજા નવા દુઃખો જ ઉત્પન્ન

થાય છે !

૨૧. સંસારના આ દુઃખોનો નાશ કરવાના અનેક પ્રકારના સાધનો પ્રભુએ જીવની ભૂમિકા મુજબ બતાવ્યા છે.

૨૨. સંસારના દુઃખોનો નાશ 'શુદ્ધધર્મ' કરવાથી થાય છે. - પંચસૂત્ર (પ્રથમ)

૨૩. વળી 'શુદ્ધધર્મ' 'તથા ભવ્યત્વનો' પરિપાક થાય ત્યારે સહજતાથી પ્રાપ્ત થાય છે.

૨૪. વળી તે 'તથાભવ્યત્વ'નો પરિપાક કરવા ત્રણ સાધનો પંચસૂત્રકારે બતાવ્યા છે. ૧. ચાર (અરિહંતાદિ) શરણનો સ્વીકાર ૨. દુષ્કૃતોની ગર્હા ૩. સુકૃતની અનુમોદના.

૨૫. સંસાર 'દુઃખમય' છે. તેવી પ્રભુની વાણી શ્રદ્ધાપૂર્વક અવધારવી. જે સુખ દેખાય છે તે પણ વિપાકે દુઃખ જ આપે છે. માટે પરમાર્થથી તો તે સુખ પણ દુઃખ જ કહેવાય.

૨૬. જે સુખ તમે માનો છો તે પણ પરાધિન છે. બીજા પદાર્થોના સંયોગથી મળે છે. તે પદાર્થો ચાલ્યા જતાં સુખ પણ ચાલ્યું જાય છે. માટે સુખ સ્વાધિન નથી.

૨૭. વળી તે સુખ મેળવવા પણ થતો પ્રયત્ન દુઃખરૂપ જ છે. પૈસા મેળવવા કેટલી મહેનત સાથે જુઠ્ઠ, હિંસા, ચોરી, માયા વગેરે દોષોનું સેવન તેથી પાપ જ બંધાય તે જુદું.

૨૮. વળી તે સુખ આવ્યા પછી તેને સાચવવા ચિંતા વગેરે આર્તધ્યાનરૂપ હોવાથી પાપનો જ બંધ થાય.

૨૯. વળી, આવેલું સુખ ચાલ્યું જાય, કોઈ લઈ જાય તો પણ આર્તધ્યાન - દુઃખ.

૩૦. ખરેખર તમે માનેલું સુખ તે હકીકતમાં સુખના રેપરવાળી ચોકલેટ તો દુઃખની જ છે. સુખ તે માત્ર તમારી કલ્પના જ છે.

૩૧. જીવને બીજા દુઃખ આપે છે, કે સુખ બીજા આપે છે તેવી સમજ કે લાગણી મોહનીય કર્મના ઉદયથી થાય છે. વાસ્તવિક નથી.

૩૨. તમને બીજા તરફથી દુઃખ કે સુખ મળે છે તેમાં બીજા તો માત્ર નિમિત્ત છે. વાસ્તવમાં તે વખતે તમારા તેવા પ્રકારના કર્મોનો જ ઉદય હોય છે.

૩૩. જેથી ઝઘડો કરવો હોય તો દુઃખ આપનાર સાથે નહિ ખુદના કર્મો સાથે કરવા જેવો છે તેવું પ્રભુ કહે છે.

૩૪. પાપને 'પાપ' તરીકે માનવું તે સાચી સમજણ છે. જ્ઞાન છે.

૩૫. પાપને છોડવા જેવું છે તેવું માનવું તે સાચી શ્રદ્ધા છે - દર્શન છે.

૩૬. પાપનો સંકલ્પપૂર્વક ત્યાગ કરવો તે સાચી પ્રવૃત્તિ છે. સ.ચારિત્ર છે.

૩૭. દેવ-ગુરુ અને ધર્મતત્ત્વને ઓળખવા જિજ્ઞાસા પૂર્વક પ્રયત્ન કરવો. ગુરુ સમક્ષ પૃચ્છા કરવી.

૩૮. સાચું સુખ જોઈએ તો નિષ્પાપ જીવન સ્વીકારવું જોઈએ.

૩૯. આ ભવમાં પ્રાપ્ત થયેલા, થતા કે થનારા સુખો કે દુઃખો પ્રાયઃ પૂર્વભવની પાપ કે પુણ્યની બેલેન્સ પ્રમાણે છે.

૪૦. આ ભવમાં કરેલી પાપ કે ધર્મ પ્રવૃત્તિના ખરાબ કે સારા ફળ આવતા ભવોમાં પ્રાયઃ કરીને મળે છે. તીવ્રભાવે કરેલું હોય તો આ ભવમાં પ્રણ મળે છે.

૪૧. એટલે આલોકમાં સુખી થવું કે દુઃખી થવું પ્રાયઃ તમારા હાથની વાત નથી પૂર્વસંચિત કર્મના આધારે છે. જ્યારે આવતા ભવનો પ્લાનિંગ તમારા હાથમાં છે. અર્થાત્ પરલોકમાં શું બનવું તે તમારા હાથમાં છે. તેના નકશા શાસ્ત્રમાં મળે છે.

૪૨. કોઈ જીવને પીડા ન આપવી તે પ્રભુનો મુખ્ય સિદ્ધાંત છે.

૪૩. જિનશાસનના મુખ્ય ત્રણ સિદ્ધાંતો (તથ્યો) છે જે બીજા કોઈ ધર્મમાં આવા સ્વરૂપે નથી. ૧. અનેકાંતવાદ ૨. સ્યાદ્વાદ ૩. કર્મવાદ.

૪૪. દુનિયાના કોઈપણ પ્રશ્નો જવાબ કર્મવાદમાંથી મળી શકે તેટલો તે સમૃદ્ધ છે.

૪૫. જૈનધર્મમાં મોક્ષમાર્ગ જ્ઞાન અને ક્રિયા મળવાથી તૈયાર થાય છે. એટલું જ્ઞાન કે એકલી ક્રિયા મોક્ષને સાધનારી નથી.

૪૬. ક્રિયા બે પ્રકારની કરી દ્રવ્ય અને ભાવ. જે ક્રિયામાં

અનુસંધાન પાના નં. ૬ ઉપર



# ચાલો જીવન-પલટીએ...

આ. હેમરત્નસૂરિ

અનંત ઉપકારી જિનેશ્વરદેવે ૬ દ્રવ્યોના સંયોજનને વિશ્વ કહ્યું છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ. આ ૬ દ્રવ્યો જ્યાં સમાયા છે તેનું નામ વિશ્વ.

**'કાળ'** નામનું દ્રવ્ય ચેતન-અચેતન પદાર્થો પર એની અસર નીપજાવે છે. જન્મથી માંડીને મરણપર્યંતના શારીરિક ફેરફારોમાં કારણ **કાળ** છે. જગતના વ્યવહારોમાં કારણ કાળ છે. વયની વૃદ્ધિ, વ્યાજની વૃદ્ધિ અને આયુષ્યની હાનિમાં પણ કારણ **કાળ** છે.

આવું કાળચક્ર સદૈવ ફરતું રહે છે. દિવસ-રાત થતાં રહે છે. મહિના વીતતા જાય છે અને વર્ષ બદલાતાં જાય છે. કાળગંગાના નીર વણથંભી મંથરગતિએ સદૈવ વહી રહ્યાં છે. એની ખાત્રી રીડ્યુસ થઈ રહેલા કેલેન્ડરનાં ડટ્ટા પરથી થાય છે. રોજ દિ' ઉગે છે અને એકીઝાટકે એક પાનું ધાડ કરતું ઉડી જાય છે. દિવાળીનો દિવસ આવે ત્યારે ડટ્ટા પર ફક્ત એક પાનું 'કાલ'ની રાહ જોતું ઊભું હોય છે. આજ લગીમાં માનવે આવા કેટલાય ડટ્ટા ખેંચી કાઢ્યા. કેટલાય કેલેન્ડરો બદલી નાખ્યા. કેટલીય ઘડિયાળો કાંડા પર ફેરવી નાખી પણ અફસોસ. માણસે ક્યારેય નદીના પ્રવાહની જેમ સતત વહી જતા સમયની કિંમત ન આંકી.



ટોપ ક્લાસ કહી શકાય એવી સુંદર માનવની જિંદગી મળવા છતાં એ જિંદગીને સફળ કરી ન શક્યો. મૂલ્યવંતા સમયને એણે વેડફી નાંખ્યો. ખોઈ નાંખ્યો.

માનવભવની એક સેકંડની કિંમત કરોડો રૂપિયાથી પણ આંકી શકાતી નથી. દેવલોકમાં 'લવસત્તમ' નામના દેવો હોય છે. એમને લવસત્તમ એટલાં માટે કહેવાય છે, કે માનવગતિમાં હતા ત્યારે છેલ્લે માત્ર સાત લવનું આયુષ્ય ઓછું પડ્યું. જો સાત લવનું આયુષ્ય બેલેન્સ હોત તો તે દેવો કેવલજ્ઞાન પામીને મોક્ષે ચાલ્યા જાત, પણ સાત લવના આયુષ્યની કમી પડવાથી દેવલોકમાં કેદ થઈ જવું પડ્યું. માનવભવના 'સાતલવ'ની કિંમત કેટલી મોટી છે!

માનવને જીવતાં સમયની કિંમત સમજાતી નથી પણ મૃત્યુ ડોકાવા લાગે ત્યારે સમયની કિંમત સમજાય છે. મૃત્યુના બિછાને જીજીવિષા વધી જાય છે. માણસ ડૉક્ટરોને કરગરે છે. જીવવા માટે ઝાવાં નાખે છે.

મને રાજકોટમાં એક બેંક ઑફિસર મળેલા, મુંબઈની એક પાર્ટી એમની બેંકમાં આવેલી. આ બેંકમાં તેમણે ૧૭ લાખ રૂપીયાની ફિક્સ ડિપોઝીટ કરાવી હતી. જુદા જુદા શહેરોમાં જુદી જુદી બેંકોની કુલ મળીને રૂા.૨૫ કરોડની ફીક્સ ડિપોઝીટની રસીદોએ ભાઈ પાસે હતી. રાજકોટથી એમણે જામ કંડોરણા જવાનું હતું. ટેક્સી કરીને જઈ શક્તા હતા, પણ ભારે કંજૂસ હોવાથી લોકલ બસમાં રાજકોટ આવ્યા. પછી પ્લેનને બદલે ટ્રેનના થર્ડ કલાસમાં એમણે પ્રવાસ આરંભ્યો. મુંબઈ સ્ટેશને ઉતરતાં જ એમને હાટએૅટેક આવ્યો. ન છૂટકે ટેક્ષી કરવી પડી અને જશલોક હૉસ્પિટલમાં ભરતી થયા. ડૉક્ટરોએ તાબડતોબ બધા જ ઈલાજો આરંભ્યા. પણ કંઈ સુધારો જણાયો નહિ. ડૉક્ટરોએ મૃત્યુનો છેલ્લો ઈશારો આપી દીધો. એ ભાઈ ચોધાર આંસુએ રડવા લાગ્યા. એમણે ખિસ્સામાંથી ચેકબુક કાઢી અને કહ્યું, કે કહો તેટલો આંકડો ભરું પણ પ્લીઝ ! મને જીવાડો. મને બચાવી લો. મારી પાસે પચ્ચીસ કરોડ રૂપિયા છે. કહો તેટલાં આપી દઉં. ડૉક્ટરો જવાબ આપે તે પહેલાં યમરાજે ઝાપટ મારી દીધી અને પ્રાણ પંખેરું ઉડી ગયું.

મૃત્યુના સમયે માનવ કરોડોની કિંમતનો ચેક ફાડીને આ જિંદગી માટે સમય મેળવવા મથે છે, પણ અફસોસ ! મૃત્યુની પૂર્વે વર્ષોનાં વર્ષો વીતી જાય તોય તેને ભાન નથી પડતું કે, કરોડો આપવા છતાં બે સેકંડ પણ ન મળી શકે એવી મૂલ્યવંતી સેકંડો મને મળી છે. એનો સદુપયોગ કરી લઉં.

ક્રમશઃ

# એલર્ટ ગ્રુપ દ્વારા વિવિધ એક્ટિવીટી





એલર્ટ ગ્રુપ ઓફ ભરૂચ દ્વારા સામૂહિક
શ્રી સિદ્ધચક્ર આરાધનાનું સુંદર આયોજન



જૈન એલર્ટ ગ્રુપ ઓફ બ્રાહ્મી-સુંદરી ન્યુ ગોલ્ડન નેસ્ટ ભાયંદર ગ્રુપ દ્વારા
૧૦૦૦ કપડા તથા ઘરેલૂ સામાનનું ગરીબ જરૂરતમંદ લોકોમાં વિતરણ



કાળી ચૌદશના દિવસે માનસમંદિરમ્
તીર્થ રક્ષક ક્ષેત્રપાલદેવની હવન વિધિ






જૈન એલર્ટ ગ્રુપ ઓફ વસઈ દ્વારા
ગરીબ બાળકોને ફાફડા-ચટણી
તથા કપડાનું વિતરણ

RNI NO. : GUJGUJ/2006/16904 (Delhi)    Publish & Posted 16th of every month at Ahd.PSO
Reg.No. : GAMC 988/2024-2026    Issued by SSP    Valid up to 31-12-2026
Licence to Post with Prepayment  LPWP Licence No. : PMG/NG/058/2024-2026  Valid up to 31-12-2026



માલિક : શ્રી અર્હદ્ ધર્મ પ્રભાવક ટ્રસ્ટ
૧૭, પ્રાર્થનાપીઠ, ઈલોરાપાર્ક, જૈન દેરાસર પાસે,
નારણપુરા ચાર રસ્તા, અમદાવાદ - ૩૮૦ ૦૧૩
ફોન : 079-27681317

તંત્રી-મુદ્રક-પ્રકાશક : કલ્પેશભાઈ વી. શાહ, અમદાવાદ
મુદ્રક : સર્વોદય ઓફસેટ, અમદાવાદ.

To,

SAMYAK - 98245 15514